પ્રધાનમંત્રીની ડિગ્રીનો નિરર્થક વિવાદ

તંત્રીસ્થાનેથી...

ભારતના બંધારણમાં પ્રજાના પ્રતિનિધિ તરીકે ધારાસભા કે સંસદમાં ચૂંટાવા માટેની લાયકાતમાં ભારતીય નાગરિક હોવું અનિવાર્ય છે. ઉમેદવારી કરવા માટે ઓછામાં ઓછી સામે જઘન્ય અપરાધના ગુના હેઠળ સજા થયેલી હોય કે તે માનસિક વિક્ષિપ્તતા ધરાવતો હોય તો એની ઉમેદવારી માન્ય ઠરતી નથી. ડિગ્રી નામની કોઈ ચીજ ભારતીય પ્રજાનું નેતૃત્વ કરવા માટે બંધારણના ઘડવૈયાઓએ જરુરી ગણી જ નથી. આ ચર્ચા કરવાનું નિમિત્ત વડાપ્રધાન નરેન્દ્ર મોદીની શૈક્ષણિક લાયકાતો વિશે એમના ટીકાકાર અને આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલ દ્વારા સતત ઉઠાવાતી રહેલી શંકા કુશંકા છે. કેજરીવાલને અભ્યાસ માટેની જે અનુકૂળતાઓ સાંપડી હતી તે વડનગરના સામાન્ય પરિવારમાં ઊછરેલા નરેન્દ્ર દામોદરદાસ મોદીને સાંપડી નહોતી. એથી એમને ટુકડે ટુકડે અભ્યાસ ચાલુ રાખી અનુસ્તાનક કક્ષા સુધીની શૈક્ષણિક લાયકાત હાંસલ કરી હોય તો એથી એમની નૈતિકતા સામે શંકા કરવાનું કોઈ કારણ નથી. આટલાં વર્ષો પછી મોદી માટે એમની યુનિવર્સિટી ડિગ્રીનું કોઈ વિશેષ મહત્ત્વ પણ ન જ રહે, કારણ કે એમણે એ લાયકાત પર નથી કોઈ નોકરી મેળવી કે નથી એ લાયકાતના આધારે એમને ભારતીય જનતા પાર્ટીએ પોતાના નેતા તરીકે સ્વીકાર્યા. પ્રજા માટે નેતાની શૈક્ષણિક લાયકાત કરતાં એનું વ્યક્તિત્વ અને ચારિત્ર્ય મહત્ત્વનું બની રહે છે. મોદીનું ઘડતર ઉચ્ચ રાષ્ટ્રવાદને વરેલી સંસ્થા - રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘ દ્વારા થયેલ છે. એમણે પોતાના અંતર્નિહિત માનવીય ગુણો ખીલવીને એક વિશિષ્ટ પ્રતિભા તરીકે દેશ અને દુનિયાને પ્રભાવિત કરેલ છે. ચૂંટણી લડતી વખતે એમને મતદારોએ કયારેય નહોતું પૂછ્યું કે તમે કઈ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ કે પોસ્ટ ગ્રેજ્યુએટ થયા છો. કદાચ એમણે યુનિવર્સિટીની કોઈ ઔપચારિક ડિગ્રી ન મેળવી હોત તો પણ પ્રજા તો એમના વ્યક્તિત્વ અને વકતવ્ય પર જ આફરીન હતી. મોદીની ડિગ્રી વિશેની માહિતી મેળવવા કેજરીવાલ દ્વારા થયેલ માગણી અન્વયે કેન્દ્રીય માહિતી કમિશનરે ગુજરાત યુનિવર્સિટીને કરેલ હુકમ સામે ટેકનિકલ કારણોસર યુનિવર્સિટીએ હાઈકોર્ટમાં સ્ટે મેળવ્યો છે. આ બધા ઉપક્રમો સાથે પ્રજાને કંઈ જ લેવાદેવા નથી. મહાત્મા ગાંધીના ખોળામાં રમેલા મહાદેવ દેસાઈના પુત્ર નારાયણ દેસાઈએ ઔપચારિક શિક્ષણ લીધું જ ન હતું અને છતાં વિશ્વભરમાં 'ગાંધી કથા' ના ઉદ્‌ગાતા બની અમર થઈ ગયા. આપણા મહાન નવલકથાકાર પન્નાલાલ પટેલ ફક્ત નવમા ધોરણ સુધી અને મનુભાઈ પંચોલી 'દર્શક' તો છ ધોરણ સુધીનો જ અભ્યાસ કરીને યાદગાર અને માતબર પ્રદાન કરી ગયા છે. મોદી માટે એમની શૈક્ષણિક લાયકાતોના મુદ્દે જૂઠું બોલવાનું કોઈ જ કારણ નહોતું, કારણ કે એમને પ્રજાનું સમર્થન એમની શૈક્ષણિક લાયકાતના મુદ્દે નહીં પરંતુ એમના વિશિષ્ટ વ્યક્તિત્વ અને વકતૃત્વ તથા પાર્ટીના ઢંઢેરાના આધારે મળ્યું હતું. આવા ક્ષુલ્લક વિવાદોથી આપણી લોકશાહી હાંસીપાત્ર બનતી હોય એવું નથી લાગતું?

સ્પર્ધાત્મક પરીક્ષાઓના ભૂલ ભરેલાં પ્રકાશનો અને યુવાનોનું બગડતું ભાવિ - એક સત્ય

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા ગુજરાતી ભાષાનું સર્વ પ્રથમ હાસ્ય સાહિત્યનું ''રમણલાલ નિલકંઠ પારિતોષિક'' સ્વીકારતી વખતે જાણીતા હાસ્યલેખક શ્રી વિનોદ ભટ્ટે શિક્ષણ મંત્રીશ્રીની હાજરીમાં ભીની આંખે કહેલું કે રાજ્ય સરકારે ગુજરાતી ભાષાને ધોરણ-૧૨ સુધી ફરજિયાત કરવી જોઈએ. અને હવે સરકાર પણ ગુજરાતી ભાષાનું મહત્વ સમજીને શિક્ષણની સાથોસાથ વિવિધ નોકરીની ભરતી માટે યોજાતી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પણ એક પેપર ગુજરાતીનું ફરજિયાત કર્યું છે. જેને કારણે ગુજ્જુ યુવક યુવતીઓને ધોરણ દસથી છોડી દીધેલું ગુજરાતી વર્ષો પછી ફરીથી શીખવાનો સમય આવે છે. કેમ કે અંગ્રેજીના મોહમાં કરેલો ગુજરાતીનો ત્યાગ આવા સમયે ખુબ જ ભારે પડે છે. અને મોટાભાગના યુવાનો જીપીએસસી કે યુપીએસસીની પરીક્ષાઓમાં ફરજિયાત ગુજરાતીમાં જ ઓછા માર્ક્સને કારણે મેરિટમાં એકાદ બે માર્ક્સથી રહી જાય છે.

જો કે આ ગુજરાતી વિષયનો સૌથી મોટો ફાયદો આવા પ્રકારના પુસ્તકો છાપતા પ્રકાશકોને થયો છે. કેમ કે તેઓએ જેની તેની પાસે ગુજરાતી સાહિત્યનું જેવું તેવું સાચું ખોટું મેટર લખાવીને ફટાફટ પુસ્તકો પ્રગટ કરીને ઊંચી કિંમતે લોકોને વહેંચી દીધા છે. અને આવી સ્પર્ધાત્મક પરીક્ષાઓ આપતા વિદ્યાથીઓ કૉમર્સ, સાયન્સ, ઍંજીનીયરીંગ કે અન્ય ફેકલ્ટીના હોવાથી તેમને આવા પુસ્તકની કે પુસ્તકમાં પ્રગટ થતા સાહિત્યની ખરાઈ કે પ્રામાણિકતા વિશે સહેજેય ખબર પડતી નથી તેથી તેઓ માર્કેટમાં આવતા જ ખરીદીને પરીક્ષાની તૈયારીમાં લાગી જાય છે. પરંતુ આ બિન સાહિત્યિક પ્રકાશકો અને બની બેઠેલા લેખકો દ્વારા પ્રગટ થયેલા ગુજરાતી સાહિત્યના કે વ્યાકરણના પુસ્તકોમાં અસંખ્ય ભૂલો હોય છે વિગતો અને માહિતી પણ ખોટી હોય છે. એની પરીક્ષા આપનાર કોઈને જાણ થતી નથી પરિણામે આવી ખોટી માહિતીવાળા પ્રશ્નો પૂછાતા ખોટા જવાબો લખાય છે. મેરિટ બગડે છે અને ઘણી વાર આવા કિસ્સાઓને કારણે પરીક્ષાથીઓને કોર્ટના દ્વાર ખખડાવવા પડે છે. પરીક્ષા કેન્સલ થતા લોકોના, સરકારના પૈસા અને સમય પણ બગડે છે. આવા પુસ્તકોમાં રહી ગયેલી ભૂલો પરીક્ષાથીઓને અને સરકારને કેટલી મોંઘી પડે છે એ આપણે સૌ જાણીએ છીએ.

મેં હમણા હમણા માર્કેટમાં વેચાતા સ્પર્ધાત્મક પરીક્ષાઓના આવા ગુજરાતીના બિન સાહિત્યિક પુસ્તકો જોયા છે. જેમાં દરેક પુસ્તકમાં અસંખ્ય ભુલો જોવા મળી છે. એક પુસ્તક 'કિશ્વા પબ્લીકેશન' દ્વારા પ્રગટ થયું છે '' ગુજરાતી સાહિત્ય - એક અભ્યાસ '' જેના લેખક છે ડૉ. શહેઝાદ કાઝી, જેમણે કાયદો - વ્યવસ્થા, ભૂગોળ, પોલીસ બંધારણ, રાજનીતિ, જનરલ નૉલેજ વગેરે વિષયોના આવા પુસ્તકોની સાથે ગુજરાતી સાહિત્યનું પુસ્તક પણ પ્રગટ કર્યું છે. જેમાં વ્યાકરણગત તો અનેક ભૂલો છે પણ વિગતદોષો ય ઘણા છે. સૌ પ્રથમ ગુજરાતી ભાષાના પ્રતિષ્ઠિત સર્જક 'મધુ રાય' નું આખું નામ 'મધુસૂદન વલ્લભભાઈ ઠક્કર' છાપ્યું છે. જે ખરેખર 'ઠાકર' હોવું જોઈએ. તો વળી અનંતરાય રાવળનું ઉપનામ 'શૌનિક' છપાયું છે જે ખરેખર 'શૌનક' છે. જ્યારે ઉમાશંકર જોશીના એક ઉપનામ 'શ્રવણ'ને બદલે 'શ્વણ' છપાયું છે. આ જ લેખકે સર્જકોના ઉપનામ સમજ્યા વિના મોટાભાગના લેખકોના ઉપનામમાં ખુબ જ ગોટાળા કર્યા છે. નરસિંહ મહેતા માટે 'આદિકવિ', મીરાંબાઈ માટે 'જનમ જનમની દાસી', ભાલણ માટે 'આખ્યાનના પિતા', પ્રેમાનંદ માટે 'મહાકવિ', 'આખ્યાન શિરોમણી', અખા માટે 'જ્ઞાનનો વડલો', 'ઉત્તમ છપ્પાકાર', શામળ માટે 'પદ્યવાર્તાના પિતા', ધીરા માટે 'કાફીના પિતા', ભોજા માટે 'ચાબખાના પિતા', દયારામ માટે 'ગરબી સમ્રાટ', 'ભક્તકવિ' અને 'બંસીબોલા', દલપતરામ માટે 'લોકહિતચિંતક', નર્મદ માટે 'અર્વાચીનોમાં આદ્ય', 'નવયુગનો પ્રહરી', 'યુગ વિધાયક સર્જક' અને પાછું તખલ્લુસમાં 'પ્રેમશૌર્ય' દર્શાવ્યું છે. આ લેખક મિત્રને 'ઉપનામ' એટલે શું? એની ખબર નથી અહીં રજુ થયેલા જે તે સર્જકોના ઉપનામો નથી પણ એમના સર્જનને ધ્યાનમાં રાખીને અન્ય વિવેચકોએ આપેલા અભિપ્રાયો છે, જેનાથી એમની ઓળખ બની છે. અને ઉપનામ અને તખલ્લુસ બન્ને એક જ અર્થ ધરાવે છે એ સમજ્યા વિના આવો ગોટાળો કરવાથી આ પુસ્તક ખરીદીને વાંચનારનું શું? અને ધારો કે સરકાર પણ આમાંથી કોઇ પ્રશ્ન પૂછી નાખે અને જવાબ પણ સાચો માની લે તો શું થાય? આ ઉપરાંત પણ 'પ્રથમ કૃતિ' વિભાગમાં સર્જકોના પરિચયમાં એમની કૃતિઓમાં પણ ભૂલો જોવા મળે છે. તો વળી ગુજરાતી સાહિત્યમાં અપાતા વિવિધ પુરસ્કારોની વિગતો પણ ખુબ જ અધૂરી છે. જો પુસ્તક વર્ષ-૨૦૧૬માં પ્રગટ થતું હોય તો તેમાં વર્ષ-૨૦૧૫ સુધીની બધી જ વિગતો સમાવવી જોઈએ. પરંતુ ક્યાંક ૨૦૧૦ સુધી તો ક્યાંક ૨૦૧૨/૨૦૧૩ સુધીની જ વિગતો છે.

બજારમાં વેચાતા આવા બજારુ પુસ્તકો વાંચતા પરિક્ષાર્થીઓની કરુણતા એ છે કે તેઓ કોઇ આર્ટ્સમાં ગુજરાતી ભણ્યા નથી. તેથી તેઓને આવી ભૂલોની બહું મોટી કિંમત ચૂકવવી પડતી હોય છે. આવી ભૂલો રહી જવાનું એક માત્ર કારણ એ છે કે આવા મોટાભાગના પુસ્તકો માત્ર કૉપી - પેસ્ટ કરીને છપાતા હોય છે. અને પ્રકાશકો પણ જોયા જાણ્યા વિના પૈસાની લાલચે છાપી નાખીને અનેક સ્વપ્રીલ યુવાનોનું ભાવિ બગાડે છે. જ્યા માત્ર માહિતી છે. જેમ કે દિલ્હી અકાદમીના એવોર્ડ્સ, જ્ઞાનપીઠ પુરસ્કાર કે અન્ય એવોર્ડ્સ, કે પરિષદના અધિવેશનો, કર્તા - કૃતિ, આ બધી વિગતો હજીયે કોપી પેસ્ટ કરે તો ચાલે પણ એ કર્યા પછી સત્ય શું છે? એ તો ચકાસવું જોઇએ કે નહીં? અને એ અધૂરી વિગતો પૂર્ણ પણ કરવી જોઈએ. પરંતુ આવી તસ્દી કોઈને લેવી નથી.

(નોંધ - આવા પુસ્તકોની પ્રામાણિકતા વિશે કે માર્ગદર્શન માટે વિદ્યાથીઓ વિનામૂલ્યે આ લેખકનો સંપર્ક કરી શકે છે)

- 9426060601.india@gmail.com

વન્યપ્રાણીઓનું પુનઃસ્થાપન

પૃથ્વી પરના મોટાભાગના જંગલો ખુબ જ મોટાપ્રમાણમાં સતત નાશ પામી રહ્યા છે. તેના પરિણામે આવા કુદરતી જંગલોમાં વસવાટ કરતાં નાના-નાનાં જીવ-જંતુઓથી લઈને મોટા કદના હાથી, વાઘ, સિંહ, દિપડા જેવા વન્યજીવો તેમના પ્રાકૃતિક આવાસ સ્થાનો ગુમાવી રહ્યા છે. વન્યજીવોના પ્રાકૃતિક વાસસ્થાનો સંકોચાઈ રહ્યા છે, તેના ભાગલા પડી રહ્યા છે અને ખોરાક, પાણી તથા આશરાના અભાવે રહેવા લાયક રહ્યા નથી. આવા વન્યજીવો જાય તો ક્યાં જાય? કામચલાઉ ધોરણે ટૂંક સમય માટે તેઓ અન્ય વિસ્તારોમાં કે પછી માનવ વસાહતોમાં સ્થળાંતર કરે છે જે અંતે તેમના વિનાશમાં પરિણમે છે.

એક સમયે આપણાં ગુજરાતમાં હાથી, ગૌર, વાઘ અને ચિત્તા જેવા પ્રાણીઓ જંગલોમાં વસવાટ કરતાં હતા. આજે આ બધા જીવો વર્ષોથી આપણા રાજયમાંથી લુપ્ત થઈ ગયા છે. કુદરતી જંગલોમાંથી લુપ્ત થઈ ગયા છે. કુદરતી જંગલોમાંથી લુપ્ત થયેલા આવા પ્રાણીઓને તેના વિસ્તારમાં પુનઃપ્રસ્થાપિત કરવાની યોજનાઓ અને વિચારણાઓ થતી રહે છે. ફક્ત ગુજરાતમાં જોવા મળતાં એશિયાઈ સિંહો એક સમયે ઉત્તર-પૂર્વીય ભારતના ઘણા બધા વિસ્તારોમાં ફેલાયેલા હતા પરંતુ ધીરે ધીરે તેમને લાયક સુરક્ષિત પર્યાવાસોના રહેતાં ફક્ત ગુજરાતના સાસણ ગીર પુરતાં મર્યાદિત થઈ ચૂક્યા છે.

થોડા સમય અગાઉ દિલ્હીમાં-૨ ગ્લોબલ ટાઈગર ફોરમ (જીટીએફ) ની એક મિટિંગ ભરાઈ. આ દરમિયાન આપણા ભારત દેશના જંગલ વિસ્તારોમાંથી આઠ જેટલા વાઘને કંબોડિયા દેશમાં લઈ જઈને વસાવવા માટેનો એક વિવાદાસ્પદ નિર્ણય લેવાયો.

કંબોડિયા દેશમાં એક સમયે વાઘની વસતી હતી પરંતુ ત્યાંના લોકોની બેદરકારીને પરિણામે તે દેશમાં એક પણ વાઘ નથી. આ દેશ વિશ્વમાં સહુથી ઝડપથી જંગલોનું નિકંદન નિકળી રહ્યો હોય તેવા દેશોમાં પ્રથમ ક્રમે છે. વર્ષ ૨૦૧૪ સુધીમાં આ દેશના ૧/૩ (ત્રીજા ભાગ) ના જંગલોનો નાશ થઈ ચૂક્યો છે.

એપ્રિલ-૨૦૧૬માં આંતરરાષ્ટ્રીય કક્ષાની એક ઉચ્ચસ્તરીય મિટીંગ યોજાઈ હતી જેમાં સમગ્ર વિશ્વની બિન સરકારી/સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓએ ભાગ લઈ હતો આ દરમિયાન વ્યક્ત થયેલા મંતવ્યો મુજબ વિશ્વના જે દેશોમાં કાયદાકીય અસરકારક અમલીકરણ થઈ રહ્યું છે તેવા અને સ્થાનિક લોકો ધાર્મિક કે પર્યાવરણીય રીતે જે જીવોનું મહત્ત્વ સમજે છે. તેવા વિસ્તારોમાં વન્યજીવોનું સારું રક્ષણ થઈ શક્યું છે. પરંતુ જે વિસ્તાર/દેશમના લોકો વન્યજીવોને વેપાર કે ઉપભોગની વસ્તુ સમજે છે ત્યાં તે ઝડપથી લુપ્ત થઈ રહ્યા છે. આવા વિસ્તારોમાં વાઘ જેવા વન્યજીવોનો બંધનાવસ્થામાં ઉછેર (Farming) પણ કરવામાં આવે છે. કોઈ એક પ્રાણી લુપ્ત થઈ જાય તે પછી ફરીથી તે જ વિસ્તારમાં તે પ્રાણીને કાયમી ધોરણે પ્રસ્થાપિત કરી શકવું લગભગ અશક્ય કાર્ય છે. અગાઉ તે પ્રાણીના લુપ્ત થવાના કારણો અને તે જીવ માટેનો ખોરાક કે ભક્ષ્ય આધાર, પાણી અને સુરક્ષિત આશરો મળી ન રહે ત્યાં સુધી આ કાર્યમાં સફળતા મળી શકે નહીં.

એક સમયે મધ્યપ્રદેશના કુનો પાલપુર ટાઈગર રીઝર્વ ઝૂમાં ગુજરાતના સિંહોને દાખલ કરવાની યોજના જોરશોરથી ચાલતી હતી. સુપ્રીમ કોર્ટ દ્વારા પણ ૧૨ સભ્યોની એક કમિટી નીમીને તેનો અભ્યાસ કરી અહેવાલો મોકલવા જણાવાયું હતું. જે હાલમાં યુનિયન મિનિસ્ટર, રાજયકક્ષા - એન્વાયરમેન્ટ, ફોરેસ્ટ અને કલાયમેન્ટ ચેન્જ દ્વારા એક મંતવ્ય વ્યક્ત કરવામાં આવ્યું કે 'આ પ્રશ્નનો નિકાલ ૨૫ વર્ષ પછી પણ આવે તેમ જણાતું નથી.' તેની નોંધ ધ્યાને લઈને મધ્યપ્રદેશના અધિકારીઓ દ્વારા કુનો-પાલપુર ખાતે સિંહ લઈ જવાનો પ્લાન મુલત્વી રાખીને વાઘને પુનઃસ્થાપિત કરવાનું નક્કી કરાયું છે.

વન્યજીવોની સતત ઘટતી જતી વસતી અને લુપ્ત થયેલા પ્રાણીઓને પુનઃસ્થાપિત કરવાના પ્રયાસોની સફળતા ખુબ જ ગંભીર પ્રશ્નો છે. જેનો અંત નકારાત્મક વધુ જણાઈ રહ્યો છે.

મેસી પ્લીઝ ડૉન્ટ ગૉ... મેસી પ્લીઝ કમ બૅક...

૨૪ મી જુને લીયોનલ મેસીનો ૨૯ મો જન્મદિવસ હતો. ૨૯મા જન્મદિવસે ખુશ રહેવાને બદલે મેસી અંદર ને અંદર વધુ ઉદાસ હતો અને એની આ ઉદાસીનું કારણ હતું ઓગષ્ટમાં શરુ થનાર રિયો ઓલમ્પિકની આર્જેન્ટીનાની ફૂટબોલ ટીમમાંથી એનું કપાયેલું સ્થાન...! ઓલમ્પિક માટે પસંદ કરાયેલ ૨૨ ખેલાડીઓમાં દિગ્ગજ મેસીની ગેરહાજરી પૂરી દુનિયાના ફૂટબોલ પ્રેમીઓની આંખે ઊંડીને વળગેલી. નવાઈ કહેવાય ને કે આર્જેન્ટીના માટે સૌથી વધુ ગોલ કરવાનો રેકોર્ડ કરનાર ખેલાડી જ આંતરરાષ્ટ્રીય અને પ્રતિષ્ઠિત એવી ઓલમ્પિક જેવી ગેમ માટેની ટીમમાં સામેલ નહિ...! આર્જેન્ટીના ઓલરેડી ૨૦૦૪ અને ૨૦૦૮ ઓલમ્પિકમાં મેડલ જીતી ચુકેલી છે ઈનફેક્ટ ૨૦૦૮ બેજિંગ ઓલમ્પિકમાં તો આર્જેન્ટીનાને મેડલ અપાવવામાં મેસીનો સિંહફાળો હતો અને આ વખતે પણ આર્જેન્ટીના જ ઓલમ્પિક મેડલ જીતવા માટે હોટ ફેવરીટ છે.ટુર્નામેન્ટમાં ફાઈનલ સુધીમાં પોતાના જોરદાર પાંચ ગોલના પરફોર્મન્સને આધારે આર્જેન્ટીનાની ટીમને કોપા અમેરિકા કપના ફાઈનલમાં લઈ જનાર મેસી સહીત બધા માટે આ એક આંચકો હતો. જો કે આપણે જેમ અત્યારે શાસ્ત્રી અને ગાંગુલીની બબાલ ચાલે છે એમ ત્યાં પણ એવું જ છે. રાષ્ટ્રીય ટીમના કોચ ગેરોર્ડો માટીનો તો મેસીને ક્યાય પણ રમાડવાના મત ના જ નહોતા અને એનું કારણ મેસીનું કંગાળ ફોર્મ હતું એવું તો છે જ નહિ પણ કહેવાય છે કે એમને મેસી સાથે કોઈ અંગત દુશ્મની હશે એટલે એનો વિરોધ મેસી સામે હતો પણ સરકારી દબાણના અંતે મેસીને બે વિકલ્પ આપવામાં આવ્યા. યા તો એ કોપા અમેરિકા કપમાં રમે યા તો ઓલમ્પિકમાં અને મેસીએ પસંદ કર્યો કોપા અમેરિકા કપવાળો વિકલ્પ.

કટ ટુ રવિવાર ૨૬ જૂન (આપણે ત્યાં સોમવાર વહેલી સવાર). સ્થળ : મેટ લાઈફ સ્ટેડીયમ ન્યુ જર્સી... કોપા અમેરિકા કપનો ફાઈનલ...આર્જેન્ટીના વિરુદ્ધ ચીલી...! પૂરી ૧૨૦ મિનીટથી વધુની રમત પછી પણ સ્કોર હતો ૦-૦. મતલબ કે હવે થવાનો હતો પેનલ્ટી શૂટઆઉટથી નિર્ણય. આરપારની લડાઈમાં બંને ટીમો જાન લગાવી દેવા તૈયાર હતી. પહેલી પેનલ્ટી કિક હતી ચીલીના નામે. ચીલીના ખેલાડીએ કિક લગાવી અને આર્જેન્ટીનાના ચપળ ગોલકીપર રોમેરોએ શાનદાર બચાવ કર્યો. સ્કોર ૦-૦. હવે વારો હતો આર્જેન્ટીનાનો અને વારો નહિ પણ શાનદાર મોકો હતો આર્જેન્ટીના ટીમ પાસે ગયા વર્ષની કોપા અમેરિકા ફાઈનલની હારનો બદલો લેવાનો. કિક લેવા પહોચ્યો જગતનો શ્રેષ્ઠ ફૂટબોલર મેસી. ગોલકીપર તૈર્ય, રેફરીની સીટીનો અવાજ અને મેસીએ દોડીને ડાબા પગથી ફટકાર્યો ફૂટબોલને. પણ આ શું? દડો ગોલપોસ્ટથી ક્યાય દુર નીકળ્યો...!! ટોટલ મિસ બાય મેસી...!! આ દિલધડક મેચ જોનારા આ લખનાર જેવા અસંખ્ય ફૂટબોલ અને મેસી પ્રેમીઓ સ્તબ્ધ...! મેસી મિસ્ડ...? અનબિલીવેબલ...!! બધાના દિલ અને મોમાંથી એક હાયકારો નીકળી ગયો...! ચીલીના ગોલકીપર અને ટીમને હાશકારો થયો અને આર્જેન્ટીનાની ટીમના સભ્યોના ચહેરા પર ચિંતાની લકીરો...! આખાયે સ્ટેડીયમમાં સન્નાટો...આ શું? સૌથી ભારોશાપાત્ર મેસીના હાથે આઈ મીન પગેથી ચુકાયો ગોલ...!? હજુ ઘણાની આંખો આ વાત પર વિશ્વાસ નહોતી કરી શકતી. મેસીની આ મિસ્ડ કીકની કળ વળે એ પહેલા તો ચીલી કોપા અમેરિકા કપનું સતત બીજી વાર વિજેતા બની ચુક્યું હતું...ચીલીના ખેલાડીઓ મેદાન પર જ વિજયોત્સવ મનાવવા માંડ્યા હતા...!!!!

અને આ બધાથી દુર આર્જેન્ટીનાના ખેલાડીઓ એકબીજાને આશ્વાશન આપી રહ્યા હતા ત્યારે આ બધાથી દુર એકલા અટુલા મેસીની આંખોમાં આંસુ હતા...! અને કેમ નાં હોય? ઓલમ્પિક ટીમ માટે સિલેક્ટ ના થયાનો ગમ હજુ એના દિલને કોરી ખાતો હતો ત્યાં આ બન્યું...! મેસી એકલો અટૂલો અંદરને અંદર તૂટી ચુક્યો હતો. આખી દુનિયાની સામે એ પોતાની ટીમને વિજેતા ના બનાવી શક્યાનો ગમ એના ચહેરા પણ દેખાઈ આવતો હતો. મેસી એ મિસ કરેલી કિક પછી લગાવાયેલી બધી જ કીક્સ વખતે પણ એનો ચહેરો જમીન ખોતરતો જ રહેલો એણે એક વાર પણ ચહેરો ઉંચો કર્યો નહી. એ હાર નહોતી, એ હતાશા પણ નહોતી પણ એ શરમ હતી. પોતાની ક્લબ બાર્સિલોના માટે ૪૫૩ અને આર્જેન્ટીના માટે ૫૫ ગોલ ફટકારી દેનારથી એક પેનલ્ટી ચૂકાય જ કેવી રીતે? અને એ પણ ફાઈનલ જેવા મહત્વના મુકાબલામાં? કરોડો ફેન્સની સાથે સાથે મેસી પાસે પણ એનો કોઈ જવાબ નહોતો. મેસી જાણે મેદાન પર પોતાની જાતને ક્યાંક સંતાડવા મથતો હતો. અને એની આ શરમ-જીલ્લતના પરિપાકરૂપે આ મહાન ખેલાડીએ આંતરરાષ્ટ્રીય ફૂટબોલને અલવિદા કરવાનો આકરો નિર્ણય જાહેર કર્યો. બીજી કોઈ રીતે ફાઈનલ હારી જાત તો કદાચ મેસી આવો નિર્ણય ના લેત પણ આ પ્રસંગ કોઈ ઓર જ હતો. મેસીએ આર્જેન્ટીના તરફથી ફૂટબોલ રમવાને કરી દીધું અલવિદા. જગતભરના મેસીના કરોડો ચાહકો માટે આ બીજો આઘાત હતો.હા, આશ્વાશન એટલું જરૂર હતું કે મેસી એની ક્લબ બાર્સિલોના તરફથી રમવાનું ચાલુ રાખવાનો હતો.

કપ ભલે ચીલી એ જીત્યો, સંચેજ ભલે મેન ઓફ ધ ટુર્નામેન્ટ બન્યો પણ કોઈને ચિલીની જીતમાં રસ નહોતો બસ બધા એક જ અરજ કરતા રહ્યા કે 'મેસી પ્લીઝ ડોન્ટ ગો 'ટ્વીટર, ફેસબુક પર 'મેસી પ્લીઝ કમ બેક' હેસટેગ ચાલુ થઈ ગયો. આર્જેન્ટીનાના જ મહાન ફૂટબોલર મેરોડોનાએ અને રાષ્ટ્રપતિ સહીત બધા જ લોકો મેસીને સન્યાસ ના લેવાની અપીલ કરવા માંડ્યા. મેસીએ ફરી એક વાર બાજી ઉલટાવી દીધી બધા ચિલીની જીત અને મેસીની નાકામી ભૂલીને એને ફરીથી મેદાન પર જોવા આતુર બન્યા, આજીજી કરતા રહ્યા. પણ જ્યારે ટીમ સાથે આર્જેન્ટીના પહોચેલા મેસીનું જબરદસ્ત ભીડે એરપોર્ટ પર સ્વાગત કર્યું એ પછી મેસીને એના નિર્ણય પર ફેરબદલ કરવા વિષે પુછાયું ત્યારે એણે કહ્યું કે ''નહિ આ નિર્ણય મેં બહુ વિચારીને કર્યો છે અને આ મારો અંતિમ નિર્ણય છે. કોઈ મને મારા દેશ સાથે ગદારી કરનાર તરીકે ચીતરવા માંગતો હોય તો મને કોઈ વાંધો નથી પણ મને લાગે છે આ બેસ્ટ સમય છે મારા માટે આર્જેન્ટીનાનો સાથ છોડવાનો.'' ભલે એનો નિર્ણય ભાવુક લાગતો હોય પણ એની વાતમાં ક્યાંક ને ક્યાંક એ દર્દ પણ છુપાયેલું છે કે મેરોડોનાની જેમ એ આર્જેન્ટીનાને કોઈ મેજર ટુર્નામેન્ટમાં વિજેતા નથી બનાવી શક્યો એટલું જ નહિ પણ આર્જેન્ટીના ફૂટબોલનું રાજકારણ એને પજવી રહ્યું છે અને એનું કારણ છે કે મેસી મોટાભાગે બાર્સિલોના સાથે જ હોય છે એ ફક્ત કોઈ મેજર ટુર્નામેન્ટ વખતે જ આર્જેન્ટીના સાથે રમતો જોવા મળે છે.

બાર્સિલોના સ્પેનની ફૂટબોલ ક્લબનું નામ છે. મેસી બ્રસીલોના તરફથી રમવાનું ચાલુ રાખે એનું એક મહત્વનું કારણ એ છે કે એક તો એ છેક ૨૦૦૨ થી બાર્સિલોના માટે રમે છે અને બીજું કે મેસી ભલે જન્મે આર્જેન્ટીનયન હોય પણ એની પરવરીશ પુરેપુરી સ્પેનીશ છે, ઈવન એ તો નાગરિક પણ સ્પેનનો જ છે અને એનાથી પણ ખાસ વાત એ કે એની ફૂટબોલ રમવાની સ્ટાઈલ પર પણ સ્પેનીશ શૈલીનો ખાસ્સો પ્રભાવ છે. એ હંમેશાથી કહેતો રહ્યો છે કે લેટીન અમેરિકન ફૂટબોલ શૈલી એને માફક નથી આવતી. મેસીના આ નિર્ણય પાછળ ભલે આર્જેન્ટીનાને કોઈ મેજર ટાઈટલ અપાવી ન શકવાની નકામી હોય કે પછી મેસીને ખુદને આવેલી શરમ હોય પણ એક વસ્તુ તો છે કે આજે જ્યારે ધંધાદારી ખેલાડીઓની દુનિયા બેશરમ, બેપરવાહ અને જાડી ચામડીના ખેલાડીઓથી ભરી પડી છે ત્યારે હારનો ભાર પોતાના પર લેનાર મેસી બધાથી અલગ તરી આવે છે. બની શકે કે હતાશાની હેલી ઉતરી જાય પછી મેસી પોતાનો ફેસલો બદલે પણ ખરો અને મેસીના સાથી ખેલાડીઓ આ માટે આશાવંત છે પણ ખરા... પણ શું પછી અસલ મેસી જોવા મળશે? એઝ એ ફૂટબોલ લવર આપણે તો એટલી જ પ્રાર્થના કરીએ કે મીડફિલ્ડમાં એનીસ્તાના પાસ પર નેમારને ફૂટબોલ પાસ કરવાની મેસીની આગવી રમત આપણને જોવા મળતી રહે...!!

વિસામો :

મેસીએ અંદાજે ૭૫ કરોડ યૂરો એટલે કે ૫૬૨ કરોડ રૂપિયામાં પોતાના પગનો વીમો કરાવ્યો છે, જેનું ૫-૭ કરોડ રૂપિયાનું વાર્ષિક પ્રીમિયમ છે...!!!

સમાજમાં વધતો સફેદ નશાનો કાળો કારોબાર



તાજેતરમાં જ ઉડતાં પંજાબ ફિલ્મ આવી, પણ આપણે શું? આપણે તો ૩ કલાકમાં પૉપકોર્ન-પેપ્સી પીને જીન્સ ખંચેરીને પાછા જેવાં હતાં એવાં જ હેં...ને? ખરેખર તો આ ફિલ્મ પરથી માનવસમાજ અને યુવાધનને જાગવાની જરુર છે. આજના જમાનામાં માવા-મસાલા, બીડી-સિગારેટ, દારુ, ચરસ, ગાંજો, હુક્કા પાર્ટી અને રેવ પાર્ટીનું ચલણ યુવાનો માટે એક સ્ટેટ્સ સિમ્બોલ બની ગયું છે, ત્યારે આજનાં સુશિક્ષિત નાગરિકો અને વ્હાલીઓએ જાગવાની જરુર છે.

મારે અહીંયા ખાસ કરીને ડ્રગ્સથી બરબાદ થતાં યુવાધનની વાત કરવી છે. અફઘાનિસ્તાનથી લઈને પાકિસ્તાન સુધીના વિસ્તારથી થતી ડ્રગ્સની દાણચોરીની વાત કરવી છે અને સાથે જ આવાં ગોરખધંધામાં આપણાં રાજકારણીઓ ખરડાયાં ન હોય એવું તો બને જ કયાં? ઉડતાં પંજાબ તો એક ફિલ્મ છે પણ વાસ્તવિકતા તો વધુ વસમી છે. પંજાબ તો આપણી સહહદોનું રક્ષા કરનારા શૂરવીરોનું વતન છે. મા ભોમની રક્ષા કાજે આપણા સરદારજીઓનું શૌર્ય કયારેય ઓછું રહ્યું નથી. એ શહિદોની વિધવાઓ તો માથું ગર્વથી ઊંચું કરીને ગામોમાં ફરે છે, જો કે તેમનું વૈધત્વ દેશ